# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

'સભા'માં ચર્ચા આપે જ નહીં એ નક્કી થઇ ગયું છે
છેલ્લે દિવસે જ ગવાય ગીત, એ નક્કી થઇ ગયું છે
થઇ ગયું છે નક્કી 'પેગ'ની જેમ, શાંતિથી પી જવાનું
'કેગ'નો અહેવાલ છે 'રાષ્ટ્રગીત' એ નક્કી થઈ ગયું છે
(આદર્શ ગુજરાતનું મહારાષ્ટ્રમાં પણ અનુકરણ)

**હાઈકુ**

યાદવ-માયા,
'હાથી'ની લડાઇમાં
પ્રજાનો ઘાણ..
(ચિમકી-ધમકી)

અંધ શ્રધ્ધાને -
બાબા ની ગોબાચારી,
કરે નિર્મલ..
(ખંખરે અંધશ્રધ્ધાને)

## ચિંતન

**અહો સાહજિકં પ્રેમ દૂરાદપિ વિરાજતે**
**ચકોર નયન દ્વંદ્વ મા આહ્લ્લાદયતિ ચંદ્રમાઃ ॥**

'જે પ્રેમ નિર્દોષ-નિર્મળ અને સ્વાભાવિક છે તે તો દૂરથી પણ પ્રકટ થઇ જાય છે, અને શોભે છે ચંદ્રમાં યોજનો દૂર રહીને પણ ચકોરના નયનને આનંદપૂર્ણ શીતળતા આપે છે..'

આજકાલ યુવાન પેઢીને પ્રેમની અભિવ્યક્તિ માટે પણ ઢોલ-નગારાં પીટી વેલેન્ટાઇન દિવસની ઉજવણી કરી ગુલાલ કે ગીફ્ટ આપવા પડે ત્યારે 'ખબર પડે' કે પ્રજાનો સ્વીકાર થયો છે કે નહીં! આ એસેમેસીયા જમાનામાં હવે હાવભાવ કે આંખની અભિવ્યક્તિ વાંચવામાં યુવાનો નિરક્ષર સાબિત થયાં છે નહીં તો આવી રીતો - પ્રચલિત થાય નહીં..

આંખ અને ચહેરો હૃદયનો અરિસો છે. તેના પર સારા-પવિત્ર કે ખરાબ ઇરાદાના ભાવ લખાઇને ઉપસી જ આવે છે, પ્રેમ-વહેમ-શંકા કે ભય બધી જ ભાવનાઓ ચહેરો 'છતી' કરે છે. પણ હૃદયશૂન્ય - ભાવશૂન્ય - નિરક્ષરો એ વાંચી શકતાં નથી, આજકાલ એકત્રીસ ડિસેમ્બરે જે યુવતીઓ મિત્ર-મંડળીમાં ભોગ બને છે. એ પુખ્તવયની બધી બાબતોમાં ખૂબ જ સમજું અને પ્રવીણ હોય જ છે. એમને શું ઘેનવાળી દવાની ખબર નહીં હોય? ભાવ વાંચતાં નહીં આવડતું હોય!

અહીં આ વાત સમજાવવા ચંદ્ર અને ચકોરનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

## સુવિચાર

- જે હંમેશાં સતત પ્રવૃત્તિમાં જ પડેલો હોય તેને પરાજય કદી પછાડી નથી શકતો - પંડિત દીનાનાથ
- પ્રેમની જીભ આંખ છે - ફ્લેચર
- જેની જીભ નાની એનું કામ મોટું, જેની જીભ મોટી એનું કામ નાનુ - નૂફાત
- શેતાન પોતાના શિષ્યોની પસંદગી આળશુઓમાંથી જ કરે છે - ફ્રેરેન્ડ
- આપણને માત્ર હસાવે તેવા નહીં પણ વિચાર કરતા કરી દે એવાને જ મિત્ર બનાવવો જોઇએ - રામકૃષ્ણ પરમહંસ
- આત્મ વિશ્વાસ એ વીરતાની મોટી સાબિતી છે - અમર્સન
- ક્ષમા આપવી એટલે દુશ્મન પર વિજય મેળવવો - આરિકશા

## બોધકથા

આજે તો માન-સન્માન, ચંદ્રકો-એવોર્ડ મેળવવા પણ 'લોબીંગ' કરવું પડે છે. એના માટે વિશિષ્ટ અરજી પત્રકો ભરી, સાંસદો, વિધાનસભ્યો અને સંગઠ્ઠનો મારફતે પણ 'ભારત રત્ન' મેળવવા ગોઠવણ કરવી, કરાવવી પડે છે. આજે બધું જ વ્યાપારિક ધોરણે અને માર્કેટીંગથી જ થાય છે.. સાચાં સન્માન અને સન્માનીય હવે દીવો લઇ શોધવા નિકળવું પડે!

ઇ.સ.૧૯૫૫માં વૈજ્ઞાનિક સર સી.વી.રામનને 'ભારત રત્ન' એવોર્ડ આપવાનું નક્કી થયં. ડો. રાજેન્દ્ર પ્રસાદ, રાષ્ટ્રપતિએ તાર કરી તેમને જણાવ્યું કે (૧૪. જાન્યુ) આપ ભારત રત્ન સ્વીકારવા આવો, અને મારી સાથે જ રહી મારા મહેમાન થજો, આપનો પ્રતિભાવ જલ્દી જણાવજો જેથી સત્કાર માટે વ્યવસ્થા થઇ શકે..

સર સી.વી.રામન એ વખતે બેંગ્લોરમાં એક વિદ્યાર્થીને પીએચ.ડી. થવા અંગે માર્ગદર્શન આપી રહ્યા હતા. અને જાન્યુ.નાં અંતમાં જ એ થેસીસ યુનિવર્સિટીમાં રજૂ કરાવવાનો હતો :

તેથી, શ્રી રામને, રાજેન્દ્રબાબુને તારથી જ જવાબ આપ્યો, 'આપનું આમંત્રણ મળ્યું, હૃદયપૂર્વકનો આભાર, પણ હું અત્યારે એક વિદ્યાર્થીને પીએચ.ડી. માટેનું સતત માર્ગદર્શન આપવામાં પ્રવૃત્ત છું, વિદ્યાર્થી પ્રત્યેની મારી ફરજ સર્વ પ્રથમ છે. તેને જાન્યુઆરી અંતે થેસીસ પૂર્ણ કરવો ખૂબ જ જરૂરી છે આથી હું એવોર્ડ સ્વીકારવા કે આપની મહેમાની માણવા હાજર રહી શકીશ નહીં.'

# બદલાયેલા સંજોગોમાં સ્નેહલગ્નની વિધવા પણ પુનર્લગ્ન કરી લે, એમાં શાણપણ ગણાશે

**હું રસ્તે રઝળતી વારતા**

**- અયના પટેલ**

ઝી.ટી.વી પર એક નવી ધારાવાહિક સિરીયલ ચાલુ થઇ છે જેનું નામ પુનર્વિવાહ છે. એનું થીમ કંઇક આવ પ્રમાણે છે નાયક હર્ષની પત્ની મૃત્યુ પામી છે. એને બે નાની દીકરીઓ છે. મુખ્ય નાયિકા આરતીને એના પતિ સાથે છૂટેછેડા થયેલા એને પણ એક નાનો દીકરો છે. આરતીનાં સાસુ-સસરા એટલાં સારાં છે કે, પુત્ર હયાત હોવા છતાં લોકો આગળ તે મરી ગયો છે, એવું કહે છે. પોતાની વહાલી પુત્રવધૂની જિંદગીનું ભવિષ્યનું વિચારીને તેના પુનર્વિવાહ કરાવવા માંગે છે. સામે હર્ષની જિંદગી પણ એકલવાયી છે. તેની પુત્રીઓને માતાનો પ્રેમ મળી રહે એટલા માટે પુનર્વિવાહ કરે છે. આ તો થઇ સિરીયલની વાત. આપણી આજુબાજુ આવા ઘણાં કિસ્સાઓ છે. જેમને ખરેખર બીજા લગ્નની જરૂર છે. પણ, મા-બાપની હઠ, ખોટી ખાનદાનીના કારણે આખી જિંદગી વિધવા બનીને એકલું જીવવું પડે છે. આવો જ એક કિસ્સો હું તમારી આગળ રજૂ કરું છું.

એનું નામ જશુ. ત્રણ બહેનો, બે ભાઇઓ અને માતૃપિતા સાથેનો બહોળો પરિવાર. મોટી બહેનો ઉંમર લાયક થવાની સમાજમાં રીતરિવાજ પ્રમાણે સગાઇ કરી. મા-બાપની આર્થિક પરિસ્થિતિ એટલી બધી સારી ન હતી કે પોતાના બાળકોનાં જુદા-જુદા ખર્ચા કરીને લગ્ન કરી શકે. મોટી બહેનોની સાથે જશુને પરણાવી દેવી, એવું નક્કી થતાં, ઉતાવળમાં જે છોકરો સારો લાગ્યો તેની સાથે જશુની સગાઇ કરી ઘડિયાં લગ્ન લેવાયાં.

મોટી બહેનો સાથે જશુ પરણી ત્યારે એની ઉંમર માંડ બાર-તેર વર્ષની હતી. તે પુખ્ત ઉંમરની ન હોવાથી ચોરીની વિધિ પતાવી દેવાઇ. જશુનાં સગાંવહાલાંએ નક્કી કર્યું કે જશુ જયારે ઉંમરલાયક થાય ત્યારે સાસરે મોકલવી. ત્યાં સુધી તે પોતાના મા-બાપના ઘરે રહેશે. જશુને મોટી બહેનો સાથે પરણાવી દીધી. એટલે જાણે ગંગા નાહ્યાં એવી શાંતિ એનાં મા-બાપ અનુભવતાં હતાં. જશુથી મોટી બહેનોએ પોતાના ઘરસંસાર ચાલુ કરી દીધો હતો.

સાચી વાર્તા તો હવે ચાલુ થાય છે. આ લગ્નને માંડ બે - ત્રણ વર્ષ થયાં હશે ત્યાં તો જશુનો પરણેતર બિમાર રહેવા લાગ્યો. ઘણી બધી દવાઓ કરી, દોરા-ધાગા કર્યા. કોઇ ફાયદો ના થયો. કોઇકના કહેવાથી અમદાવાદની એક હોસ્પિટલમાં એના લોહીના રિપોર્ટ કરાવ્યા. ત્યારે ખબર પડી કે તેને લોહીનું કેન્સર છે, તે પણ ત્રીજા સ્ટેજનું. ડોકટરે કહ્યું કે, દવાની કોઇ અસર નહીં થાય. જેટલી સેવા થાય એટલી સેવા ઘરે જિનો કરો. આ સમાચાર વાયુ વેગે આખા સમાજમાં પ્રસરી ગયા. જશુનાં મા-બાપને જાણ થતાં તે તાબડતોડ જમાઇની ખબર પૂછવા આવ્યાં. પોતાની લાડલી દીકરીની જિંદગી વિશે વિચાર માત્રથી તેમની આંખે અંધારા આવતાં હતા.

જશુ લગ્ન પછી થોડી સમજણી બની ગઇ હતી. જેમ - જેમ તે મોટી થતી હતી. તેમ તેમ તે પોતાની કલ્પના પ્રમાણે સ્વપ્નાં જોતી હતી. આવામાં તેને પોતાના પતિના બિમારીનાં સમાચાર મળ્યાં. જશું પતિની સાથે ન હતી, પણ ભગવાન આગળ ઘણી માનતાઓ, બાધાઓ અને નકોરડા ઉપવાસ કરી પોતાના પતિને સારું થઇ જાય એની પ્રાર્થના કરતી હતી. કયારેક ઘરમાં મા-બાપની વાતચીત સાંભળતી ત્યારે એકાંતમાં જઇ ચોધાર આંસુએ રડી લેતી.

જશુના પતિને ખબર પડી ગઇ હતી કે હવે હું વધારે સમય જીવવાનો નથી. તેનાં મા-બાપે પણ પોતાની વહાલસોયા એકના એક પુત્રને જલદી સારો થઇ જાય તેના માટે દવા, દુઆ, બાધાઓની કોઇ કમી રાખી ન હતી. છતાંય પુત્રનું શરીર દિવસે - દિવસે અશક્ત થતું જતું હતું. જશુના પતિએ એક દિવસ પોતાના માતા-પિતાને બોલાવીને કહ્યું કે હવે હું વધારે દિવસ જીવવાનો નથી. હું મૃત્યુ પામું એ પહેલાં મારી એક ઇચ્છા પૂરી કરવી છે. મા-બાપે ઉત્સાહમાં આવી હા, પાડી કહ્યું કે હા બેટા, બોલ તારે શું લેવું છે? શું ખાવુ છે તેણે કહ્યું કે મારી જ ઇચ્છા છે કે તમે જશુને અહીં લઇ આવો. દીકરાનું વાક્ય સાંભળી મા-બાપ ચૂપ થઇ ગયાં. ચહેરા પરનું નૂર ઊડી ગયું. હવે શું કરવું અને શું બોલવું એની સમજ ના પડતાં દીકરાને જેમ તેમ સમજાવી થોડા સમય શાંત કરાવી દીધો. પણ અતિ આગ્રહને વશ થઇને વડિલોની સંમતિ લઇ જશુને પહેલી વાત સાસરીમાં તેડી લાવવાના વિચાર સાથે બધાંએ સંમતિ દર્શાવી.

સારો દિવસ, સારું ચોઘડિયું જોઇ જસુને સાસરે લાવવામાં આવી. લગ્ન પછી પહેલીવાર તે પોતાના પતિને ખાટલા પર સૂતા જોઇ રહી હતી. બપોર પડતા જશુના માતા-પિતા અને પોતાના માતા-પિતા સમાજના વડિલોની હાજરીમાં તેણે કહ્યું કે જશુનું મારી સાથેનું લગ્ન થયું એમાં અમારા બન્નેનો વાંક નથી. મારાં તમામ બંધનોમાંથી હું જશુને મુક્ત કરવા માંગું છું. આજે જ એને એના પિયર મોકલી દો. અને બધા મને વચન આપો કે મારા મૃત્યુ પછી તમે જશુને ફરીથી પરણાવશો. આ સાંભળીને જશુ અંદરના ઓરડામાં ચોધાર આંસુએ રડવા લાગી.

કુટુંબના સભ્યોએ જશુનાં પતિને ઘણું સમજાવ્યું કે આપણા સમાજમાં વિધવા વિવાહ થતાં નથી. પણ એને એક પણ વાત ન માનતાં બધાંએ સર્વસંમતિથી હા પાડી કે તારા ગયા પછી અને જશુને અહીંયાથી કન્યાદાન કરીને વળાવીશું. આ સાંભળીને જશુના પતિને મનથી ખૂબ હાશકારો અનુભવ્યો. આ પ્રસંગના થોડા દિવસ પછી મૃત્યુ પામતાં જશુને ફરી સાસરે ચૂડલા કરમ માટે લાવવામાં આવી. ઘરમાં બધા જીવતી જાગતી લાશની જેમ જીવતાં હતાં.

જશુના પતિને મૃત્યુ થયે ચૌદથી પંદર વર્ષ થયાં. હજુ જશુ વિધવાની જિંદગી જીવે છે. દીકરાના દુઃખ ન જોવાતાં સાસુ પણ મૃત્યુ પામ્યા. હવે જશુ પોતાના ઉંમર લાયક સસરાની સેવા કરે છે. સસરા આખો દિવસ અને રાત ખેતરમાં રહે છે. ઘરે દીકરાની વિધવા રહે છે.

બાપ વિચારે છે કે મારે મારા દીકરાને આપેલું વચન પાળવું જોઇએ. તેને જશુના માતા-પિતાને વાત કરી કે, જશુને તમે બીજે પરણાવી દો. પણ ખોટી ખાનદાની અને સમાજ અમને શું કહેશે. એ બીકના લીધે જશુ પુખ્ય ઉંમરે વિધવાનું જીવન વિતાવે છે.

આજુબાજુના ઘર સંસાર જોઇ તે હસવાો પ્રયત્ન કરે છે પણ મનની વેદના કોઇને જણાવી શકતી નથી. એનો ચહેરો લાગહીહીન, સપાટ બની ગયો છે.

આપણી આજુબાજુ આવી કેટલી છોકરીઓ હશે. જે પોતાનો કોઇ ગુનો ન હોવા છતાં એકલી જીવવાની સજા ભોગવી રહી છે. સમાજે ખોટા આડંબરમાં રહ્યા વગર, નીતિ નિયમો બનાવતાં પહેલાં સમાજની આવી વિધવાઓને ભેગી કરીને એમને પૂછીને નક્કી કરવું જોઇએ કે વિધવા વિવાહ થવાં જોઇએ કે નહીં, હું તમને ચોક્કસપણે કહું છું કે કોઇ વિધવા દીકરી કે સ્ત્રી ફરીથી લગ્ન ના થવા જોઇએ એની સાથે સંમત નહીં થાય. એમનાં પણ એની સ્વપ્નો છે એમની ઇચ્છાઓ એમનો પણ ઘરસંસાર હોય. એમને એમની રીત જીવવા દો. એજ સાચું પુણ્ય છે...

કવિ ન્હાનાલાલે કહ્યું હતું : 'દેહલગ્નની વિધવા માટે પુનર્લગ્ન સમું પુણ્ય નથી.' હું એમના આ કથન સાથે સો ટકા સહમત છું. કવિએ તરત જ ઉમેર્યું છે : 'સ્નેહ લગ્નની વિધવા માટે પુનર્લગ્ન સમુ પાપ નથી.' - શું આજના આપણા વિભક્ત પરિવારના યુગમાં આપણે કવિશ્રીના આ પાછળના વિધાનને સમર્થન આપી શકીશું? કદાચ નહીં જ. બલકે ખુદ મરનાર પતિ પણ એની સાથે પ્રેમલગ્ન કરીને આવેલી પત્નીને સલામતી સાંપડી રહે, એટલા ખાતર એ પુનર્લગ્ન કરી લે, એમ જ ઇચ્છશે.

# ડો. ઝવેરભાઇ એચ. પટેલના જીવન વિષે ટૂંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે તે ઘઉં ઉત્પાદન કરતાં ખેડૂતો માટે તારણહાર હતા


**શબ્દ સમીપે**

**- નટવર હેડાઉ**

વાચક મિત્રો, હાલમાં ઘઉં પાકીને બજારમાં આવી ગયા છે અને વર્ષભરના ઘઉં ખરીદીને ચિંતામુક્ત થવા માટે મોટા ભાગે ગૃહિણીઓ અને અમુક ગૃહસ્થો દોડાદોડ કરી રહ્યાં છે. ત્યારે આપણા ગુજરાતમાં જે ઘઉંનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થાય છે અને ઉપયોગમાં લેવાય છે. તેવા 'લોક-૧' ઘઉં જે તેના મોટા દાણા અને એકસરખા પણાને કારણે જાણીતા છે. તે અંગે જાણવાનું રસપ્રદ થઈ પડે તેવું છે. ભારતમાં વધારેમાં વધારે વિસ્તારમાં આવા ઘઉં વવાય છે અને તેનું ઉત્પાદન પણ વિશ્વમાં વધુમાં વધુ છે. આવા ઉત્ક્રાંતિકારક 'લોક-૧' ઘઉંના સંશોધક કૃષિ શાસ્ત્રના સમર્થ વૈજ્ઞાનિક અને કર્મયોગી ડૉ. ઝવેરભાઈ. એચ. પટેલ ગુજરાતી હતા. તે જાણીને આપણને ગૌરવની લાગણી અવશ્ય થાય. અને તેમના વિશે તેમજ તેમણે કરેલા સંશોધન કાર્ય વિશે જાણવાની ઉત્કંઠા જાગે તે સ્વાભાવિક છે. ત્યારે મને જણાવતાં આનંદ થાય છે કે ભારતના આવા એક છૂપા રત્ન વિશે ખુબ જ સુંદર સંશોધન ગાથા આપણને બળવંતભાઈ વી. પટેલ અને જયંતિલાલ એસ. મેવાડા દ્વારા મળી છે.

વીસમી સદીમાં બીજા અર્ધ શતકમાં ભારતની જનતા ભયંકર ભૂખમરાનો ભોગ બનશે એવા વિવિધ આગેવાન વૈજ્ઞાનિકોનાં વર્તારાને ખોટા સાબિત કરી અનાજ - ખાસ તો ઘઉંના ઉત્પાદનમાં ભારતે અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે જેમાં છેલ્લા ત્રણ દાયકાથી આખા ભારતમાં અને ખાસ કરીને મધ્ય ભારતમાં ઘઉંનાં ઉત્પાદનમાં જે વૃધ્ધિ થઈ છે તેની સિધ્ધિમાં 'લોક-૧' પ્રકારના ઘઉંનું વિશિષ્ટ પ્રદાન છે. કૃષિ વિજ્ઞાનના એમ.એસ.સી. અને પીએચ.ડી. માટે અભ્યાસ અર્થે તેનો ઉપયોગ કરનારની સંખ્યા પણ ગણનાપાત્ર છે. ઘઉંના ઉત્પાદનનો અભ્યાસ કરનાર ખાસ તો તેમાં સુધારણા માટે અભ્યાસ કરનાર લગભગ દરેક ઘઉં ઉત્પાદક તેનો ઉપયોગ કરે છે. ઘઉં ઉત્પાદન માટે જુદા જુદા જે પ્રયોગો થાય છે. તેનો માપદંડ ભારતમાં 'લોક-૧' છે. તેથી 'લોક-૧' ઘઉં અંગે પ્રમાણભૂત માહિતી (data) મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે. જેનું આંકડાકીય રીતે પૃથ્થકરણ થઈ શકે. આમાંથી જેનેટીક્સ (સુપ્રજનન શાસ્ત્ર) અને પ્લાન્ટ બ્રીડર (રોપ ઉછેર) માટે ખૂબ કિંમતી તારણો કાઢી 'લોક-૧' ઘઉંનાં સંશોધન, સિધ્ધિ અને માન્યતા અંગેના અનુભવોને અહીં શબ્દબધ્ધ કરવામાં આવ્યાં છે. મેક્સિકન ઘઉંથી ભારતમાં હરિત ક્રાંતિ (ગ્રીન રીવૉલ્યુશન) નો પ્રારંભ થયો જેમાં 'લોક-૧' ઘઉંથી ક્રાંતિ એ હરળફાળ ભરી, તેના વડે તે કાયમી બની અને ઘઉંની આયાત કરનાર દેશમાંથી ભારતને ઘઉંની નિકાસ કરતો દેશ બનાવ્યો.

આ 'લોક-૧' ઘઉંના સંશોધન અંગે યુવા કૃષિ વૈજ્ઞાનિક ડૉ.




બી.એસ. જોદાન તેમના ડૉ. ઝવેરભાઈ. એચ. પટેલની સાથેનાં અનુભવોને વર્ણવતા કહે છે કે, 'ઝવેરદાદા પાસે રોપ ઉછેરના જાત અનુભવનો ભંડાર હતો, તેમના પરિચયથી હું 'લોક-૧' ઘઉંને દાદાની નજરે જોતો થઈ ગયો. રોપનો ઉછેર, વિકાસ અને ધાન્ય ઉત્પાદકતાની સંભવિવતા પર ચાંપતી નિગેહબાનીએ 'લોક-૧' ઘઉંની સફળતા પ્રત્યે તેમનામાં વિશ્વાસ ઊભો કર્યો હતો, 'લોક-૧' ઘઉંની પેઢી દર પેઢી એમ ખાસ્સી પેઢીઓનો, છોડ પ્રતિ છોડ વ્યક્તિગત અભ્યાસ તેમને ખુબ વિગતે કર્યો હતો. આ અભ્યાસથી 'લોક-૧' ઘઉંનાં વંશ પરંપરાગત ઉત્પાદન આપતા રહેવાની શક્તિ વિષે તેમને વિશ્વાસ બેઠો હતો. આવા મહાન રોપ બ્રીડરો અંગત રીતે અનુભવતા હોય છે કે રોપા બોલે છે. આપણે સતત તેમના સંસર્ગમાં તેને સમજવાના છે. તેમની સાથે સંવાદ કરવાનો છે.'

'છોડમાં રણછોડ' જોનારા આવા આત્મીય સંશોધક વિષેનું પુસ્તક તેમના જીવનના વિવિધ પાસાંઓની જે માહિતી પુરી પાડે છે. તેને ૧૫ પ્રકરણોમાં વહેંચવામાં આવી છે. જેમાં તેના આલેખકો બળવંતભાઈ પટેલ અને જયંતીલાલ મેવાડાની મહેનત નજરે પડ્યા વિના રહેતી નથી. આમુખથી શરૂ કરી બહુરત્ના, ઝવેરભાઈને વિદેશ અભ્યાસ ખાસ કરીને જર્મની અને

### ઉત્ક્રાંતિકારક ઘઉંના સંશોધકની 'ગૌરવગાથા'

અમેરિકા, તેમનું ગૃહસ્થાશ્રમ જીવન, નોકરી, નિવૃત્તિ અને સંશોધન, 'લોક-૧' ઘઉંનું સંશોધન નિવૃત્તિ દરમિયાન વિદેશ પ્રવાસ, વિદાય, ઉપસંહાર પછી પારાશીશી, ગુરુ દક્ષિણા અને ઋણ સ્વીકાર, પિતૃ તર્પણ જેવાં પ્રકરણોમાં બૃહદ્ માહિતી પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત મહાનુભાવોએ પ્રદર્શિત કરેલા વિચારોને પરિશિષ્ટમાં મુકવામાં આવ્યાં છે. જે વાંચનક્ષમ છે.

આવા ડૉ. ઝવેરભાઈ એચ. પટેલ. ના જીવન વિષે ટૂંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે તે ઘઉં ઉત્પાદન કરતાં ખૂડેતો માટે તારણહાર હતા. તેથી દર્શક તેમને દેવતા કહેતા. તો મનસુખ અબાએ તેમને આધુનિક યુગનાં ઋષિ તરીકે ઓળખાવ્યા છે. ડૉ. ઝવેરભાઈ એ. પટેલ.નો જન્મ ૯ ડિસેમ્બર ૧૯૦૩ માં ભાવનગર જિલ્લાના ગારિયાધાર ગામમાં થયો હતો. ત્યાં જ તેમણે પ્રાથમિક શિક્ષણ લીધું. ત્યાર પછી હોંશિયાર વિદ્યાર્થી હોવાથી સમગ્ર અભ્યાસ માટે પાલિતાણાના મહારાજા તરફથી શિષ્યવૃત્તિ આપવામાં આવેલી. તેમણે પુનાના બી.એસ.સી. અને બેંગ્લોરમાં એમ.એસ.સી. કર્યું. પછી રોપ ઉછેર અને ભૂમિ વિજ્ઞાનના અભ્યાસ માટે જર્મની ગયા અને ત્યાંથી અમેરિકા જઈ ઈનિનોઈસ યુનિવર્સિટી અરબાના શહેરમા ૧૯૩૩માં કૃષિ વિજ્ઞાનમાં પીએચ.ડી. કર્યું.

(અનુસંધાન પાના નં. ૭ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૬મી એપ્રિલ ચાર્લી ચેપ્લિન સ્પેન્સરનો જન્મદિન**



મૂક ફિલ્મોથી આરંભીને બોલતી ફિલ્મોમાં કામ કરનાર વિશ્વપ્રસિધ્ધ અભિનેતા ચાર્લી ચેપ્લિનનો આજે જન્મદિન ૧૬-૪-૧૮૮૯. 'કિડ ઓટો રેસીસ એટ વેનિસ' સહિત વિશ્વ વિખ્યાત ફિલ્મોના સર્જક. આ કલાકારનું અવસાન ૨૪-૧૨-૧૯૭૭માં થયું. વિશ્વના સૌ સફળ હાસ્યકારમાં તેઓ અગ્રિમ સ્થાને છે.

- ૧૮૫૩ની ૧૬મી એપ્રિલે ભારતની સૌપ્રથમ આગગાડી મુંબઇથી થાણા વચ્ચે દોડી.
- ૧૯૭૪ માં આકાશવાણી, અમદાવાદ - વડોદરાની રજત જયંતિ ઉજવાઇ.
- જાણીતા કવિ ઝીણાભાઇ રતનજી દેસાઇ 'સ્નેહ રશ્મિ' નો જન્મ ૧૬-૪-૧૯૦૩.
- ૧૯૧૮માં ગાંધીજીએ ઓડ ગામે લોકોને અંગ્રેજ સરકાર સામે સંગઠિત થવા હાકલ કરી. ૧૯૧૭માં અંગ્રેજ સરકારે ગાંધીજીને ચંપારણ છોડીને અન્ય સ્થળે જવા નોટીસ આપી.

# દેવો માનસપટ પર સંધ્યાની હરકતોની એક પછી એક ઝલક જોવા લાગ્યો, કોલેજના વિતેલા દિવસો તેના માનસપટ પર ચલચિત્રની જેમ એક પછી દશ્યમાં તરવરવા લાગ્યા

**પરણેતરની પ્રીત**

**(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૧૮)**

**- જયંતીલાલ મકવાણા**

મધરાત વીતી ગઈ હતી. વાતાવરણ તદ્દન શાંત હતું. સાગરના મોજાઓ શાંત હતા. કાળી ઘેરી રાત્રી બનતી જતી. પક્ષીઓ વૃક્ષોની ડાળીઓ પર લપાઈને ઊંઘતા હતા. શેરીના કૂતરાઓ ખૂણેખાંચરે કે દિવાલને લગોલગ શાંતિથી ઊંઘતા હતા. દૂર દૂરથી આવતા વાહનોનો અવાજ હવાને ચીરતો શાંતિનો ભંગ કરતો હવામાં આગળ વધ્યે જતો. આકાશમાં તારાઓનાં ઝૂમખાં ઝઘમઘતાં ને ખરતાં તારાના લીસોટા ખુલ્લા આકાશમાં કયાંક વીલીન થઈ જતાં હતાં.

આવા સમયે દેવુ પડખા બદલતો ઊંઘવા પ્રયત્ન કરતો પણ આંખ મળતી નહીં. તે પલંગમાંથી ઊભો થયો ને રૂમમાં આંટા મારવા લાગ્યો. બારી ખોલી તેણે આકાશ તરફ દૃષ્ટિ કરતાં ચંદ્ર અટખેલિયા કરતો ઘેરા વાદળો વચ્ચે લપાતો આગળ વધ્યે જતો. ખુલ્લી બારી પાસે ઉભેલા દેવા પર હવાની મીઠ્ઠી શિતળ લહેર અથડાઈને તેનું માનસ ખળખળી ઉઠ્યું ને વીજળી વેગે ભૂતકાળના દિવસો તરવરવા લાગ્યાં.

કૉલેજના પ્રથમ દિવસે તેની નજર સમક્ષ એક આકર્ષક સ્વરૂપવાન દેખાવડી લોહીથી ભરાવદાર ગોરી યુવતી પર તેની દૃષ્ટિ પડતા તેના કામણગારા નયનોએ દેવાને ઘાયલ કરી દીધેલ. તે આશ્ચર્યચકિત થઈ ગયેલ. મિત્રોની શરમ છોડી એકીટસે એ યુવતીને જોઈ જ રહ્યો. તેના માનસપટ પર ઉપસેલા વમળો એક આકૃતિમાં પરિણમ્યા. તે આકૃતિ હતી તેની સાથે ભણતી યુવતીની અને તે હતી સંધ્યા.

સંધ્યાનો મુસ્કુરાટ કરતો ચહેરો, તેના ગાલ પરનાં ખંજન, તેના અંગેઅંગના આકર્ષક મરોડ લેતું હોય તેવું ભાસતું હતું. કાળા ડિંબાગ ઘટાદાર વાંકળિયા વાળ મોટું કપાળ ગોરા રંગના કોમળ ગાલો પરના શેરડા પડતા સુંદર લાગતી હતી. તેણીના ગળામાં સાચા મોતીની માતા ચમકતી હતી. કમાન જેવી વળાંક લેતી તેની ભમરો કુદરતી આછા ગુલાબી પાતળા હોઠ શોભતા હતા. જયારે તેણી વાતો કરતી ત્યારે તેના કંઠમાંથી નીકળતો કોયલનાં કંઠ જેવા મધુર અવાજે દેવાના મનને હરી લીધેલ. સંધ્યાનો ગૌરવર્ણ, તદ્દન આધુનિક વસ્ત્રોથી સજધજ શોભતી હતી. તેની નજર સમક્ષ તરવરતી એ યુવતીની આકૃતિએ દેવાના હૃદયમાં ધડકન વધારી દીધી હતી. તેના મુસ્કુરાવાથી જૂઈના પુષ્પો વિખરાતાં હોય તેમ લાગતું હતું. સફેદ કળી જેવી ગોઠવણીથી તેનાં દાંતની બત્રીસીવાળો ચહેરો દેવો જોઈ જ રહ્યો.

આ આભાસી પ્રતિબિંબ દેવાની નજર સમક્ષ મૃગજળના ઝાંઝવાની જેમ તરવરતું હતું. તે સંધ્યાના વિચારોમાં ખોવાઈ ગયો. તેના મન પરનો કબજો સંધ્યાએ લઈ લીધો હોય તેમ તેને લાગતું. તેના મોબાઈલમાં ઝડપેલા સંધ્યાના ફોટાઓ જોતા તે મોહિત થઈ જતાં તેના રોમરોમમાં મીઠી વેદના હતી. દેવો માનસપટ પર સંધ્યાની હરકતોની એક પછી એક ઝલક જોવા લાગ્યો. કૉલેજના વિતેલા દિવસો તેના માનસપટ પર ચલચિત્ર જેમ એક પછી દશ્ય તરવરવા લાગ્યા.

ભાગતી રાતનું ચક્કર ફરતાં ફરતાં પરોઢનો આભાસ થતો હોય તેમ લાગતું હતું. વાતાવરણમાં મંદમંદ પવન લહેરાતા શાંત સરોવરના પાણી લહેરાતા લહેરો દૂર દૂર કિનારા સાથે અથડાતા અવાજ વાતાવરણમાં વીલીન થઈ જતો. દેડકાનો ડ્રાઉ ડ્રાઉ અવાજ શાંત થતો જતો હતો. પારદર્શક વાદળીઓમાં ચંદ્ર બહાર નીકળતા ધરતી પર અજવાળું છવાઈ જતું. કવચિત કવચિત પક્ષીઓનો કલરવ વાતાવરણમાં પ્રસરતો શરૂ થઈ ગયેલ. દેવું પતારીમાંથી ઉભો થયો. સવારની ક્રિયા પતાવી તૈયાર થઈ કૉલેજ જવા ઉપડી ગયો.

અડધો કલાક વહેલા પહોંચી જઈ સંધ્યાની રાહ જોતા બસ સ્ટેન્ડ પર ઉભો રહી ગયો. સંધ્યા બસમાંથી ઉતરી નહીં એટલે ઉદાસ થઈ કૉલેજમાં જઈ લૉબીમાં આંટા મારવા લાગ્યો.

સંધ્યા બસમાંથી ઉતરી તેની બેનપણીઓ સાથે ધીમું હાસ્ય કરતાં કરતાં કૉલેજના પગથિયાં ચઢતા તેના પગની આહટે દેવાના તડપડતાં હૃદયને ગુજતું કરી દીધું.

(અનુસંધાન પાના નં. ૭ પર)